BELIEVERS EASTERN CHURCH
St. Thomas Nagar, Kuttapuzha P.O., CH
Tiruvalla, Kerala, India - 689 103 P.O.,
Ph: (0469) 2630654, 2630771
Fax: (0469) 2630273
www.bec.org
email: info@bec.org
email: info@bec.org

BELIEVERS EASTERN
CHURCH
CHURCH

# પરિપત્ર

EN/04/24 મે 28મી, 2024.

**મારા પ્રિય ભાઈઓ એપિસ્કોપાસ, યાજકગણ અને પવિત્ર ચર્ચના વિશ્વાસીઓ.**

પિતા પરમેશ્વર,અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી કૃપા, દયા અને શાંતિ સદા હાજર પવિત્ર આત્મા દ્વારા તમારી સાથે બની રહો.

અમારા પ્રિય આધ્યાત્મિક પિતા, હિસ હોલીનેસ મેટ્રોપોલિટન એથેનાસિયસ યોહાન ૧ અમારી પાસેથી વિદાય થયે બે અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. અમે તેમના અથાક પરિશ્રમ,પ્રભુ માટે પ્રેમ, અને વર્ષોથી માર્ગદર્શન માટે અમારી ઊંડી કૃતજ્ઞતા અને હૃદયપૂર્વક પ્રશંસાના શબ્દો અમે વ્યક્ત કરી શકતા નથી.જ્યારે આપણે બધા આ અચાનક થયેલા નુકસાનથી ખૂબ જ દુઃખી છીએ, ત્યારે અમને એ જાણીને દિલાસો મળે છે કે અમે આશા વિના થઈને શોક કરતા નથી, જેમ કે સંત પાઉલ આપણને 1 થેસ્સલોનિકા 4:13 માં યાદ અપાવે છે.

હિસ હોલીનેસ એથેનાસિયસ યોહાન ૧ મેટ્રોપોલિટનના વિશ્રામ હેતુ પ્રસ્થાન અને વિદાય, આપણું આખું ચર્ચ કુટુંબ સાથે, સુંદર રીતે અદ્ભુત એકતા અને પ્રેમ પ્રદર્શિત કરવા માટે આવ્યા. અમે તમારામાંના દરેક માટે અમારી ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ.

આપણા પ્રિય મેટ્રોપોલિટન એથેનસિયસન યોહાન ૧ને સન્માન આપવા માટે તમે જે સમય કાઢ્યા અને બલિદાન આપ્યાં તે ખૂબ જ હૃદયસ્પર્શી અને અર્થપૂર્ણ રહ્યા. તમારી હાજરી, પ્રાર્થના અને અતુલ્ય દૂરથી મુસાફરી કરવાનો પ્રયાસ - બસ, ટ્રેન, ભાડે લીધેલા વાહનો અને અન્ય માધ્યમો દ્વારા -નો ભાગ બનવા માટે અંતિમ સંસ્કારની નોંધપાત્ર અસર પડી છે.

આપણી ચર્ચની પરંપરાઓ મુજબ, 8મી મેથી શરૂ થતાં, અમારી તમામ ડાયોસિસન ઓફિસો અને ચર્ચમાં 40-દિવસનો શોક મનાય છે. આ સમયગાળા દરમિયાન, અમારા પ્રિય મેટ્રોપોલિટન અથનેસિયસ યોહાન ૧ના એક ફોટો ચર્ચની અંદર મૂકવામાં આવ્યો છે, અને તેમની પ્રેમાળ સ્મૃતિમાં પ્રાર્થનાઓ કરવામાં આવે છે.

**BELIEVERS EASTERN CHURCH**
St. Thomas Nagar, Kuttapuzha P.O.,
Tiruvalla, Kerala, India - 689 103
Ph: (0469) 2630654, 2630771
Fax: (0469) 2630273
www.bec.org
email: info@bec.org

BELIEVERS EASTERN CHURCH

**થોડી મહત્વપૂર્ણ વિષય:**

જેમ જેમ અમે આગળ વધીએ છીએ તેમ તેમ અમે કેટલીક મહત્વપૂર્ણ બાબતો પર તમારા પૂરા દિલથી સહકારની વિનંતી કરીએ છીએ.જે નીચે મુજબ છે.

- **શોક સભાઓ:** દરેક ડાયોસિસના લોકોએ જાહેર શોકસભાનું આયોજન કરવું જોઈએ,તમામ મુખ્ય લાઇન ચર્ચના આગેવાનોને, નોંધપાત્ર ખ્રિસ્તી મંત્રાલયોના આગેવાનો, અગ્રણીઓને આમંત્રણ આપવું,સમાજના વ્યક્તિઓ, જેમાં તમારા વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓ- સાંસદ, ધારાસભ્યો,અન્ય પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી વ્યક્તિત્વો, અને આપણા ચર્ચના શુભેચ્છકોને – જેમાં આપણે આપણા મેટ્રોપોલિટન અથનેસિયસ યોહાન ૧ના જીવન અને વારસાને યાદ અને સન્માન આપી શકીએ.
- **ચાલીસ-દિવસીય સ્મારક સભા:** આપણા પ્રિય મેટ્રોપોલિટન અથનેસિયસ યોહાન ૧ સ્મૃતિને જાળવી રાખવા, અમે રવિવાર, 16મી જૂન, 2024 ના રોજ, આપણા વિશ્વભરમાં તમામ ડાયોસિસ ઓફિસો, તમામ સંસ્થાની કચેરીઓ અને ચર્ચમાં ખાસ ચાલીસ-દિવસીય સ્મારક સભા યોજવાની વિનંતી કરીએ છીએ.
- **તેમના વારસાની જાળવણી:** - આપણા આદરણીય મેટ્રોપોલિટનની સ્મૃતિ અને વારસાને જીવંત જાળવી રાખવા માટે,અમે તમને તમારા ડાયોસિસ ઑફિસો, , સંસ્થાઓ, ચર્ચ અને ઘરોમાં ફ્રેમવાળા ફોટો રાખવા માટે પ્રોત્સાહિત કરીએ છીએઅમે તમને ઉચ્ચ-રિઝોલ્યુશન ડિજિટલ આ ફોટાઓની નકલો, પ્રિન્ટિંગ અને ફ્રેમિંગ માટે સૂચિત કૅપ્શન્સ સાથે મોકલીશું.
- **આગામી મેટ્રોપોલિટનની પસંદગી:** ચાલીસ-દિવસની સ્મારક સેવાને અનુસરીને,પવિત્ર ધર્મસભા 17 જૂન, 2024 થી સંત થોમસમાં સમુદાય, કુટ્ટાપુઝા, પી.ઓ. તિરુવલ્લા, કેરળ, ભારત,ચર્ચ હેડક્વાર્ટર ખાતે બોલાવવામાં આવશે.આ સભા દરમિયાન, - પવિત્રસિનોડ પ્રાર્થનાપૂર્વક અમારા ચર્ચ માટે આગામી મેટ્રોપોલિટન પસંદ કરશે, - પસંદ કરેલ અનુગામીના સ્થાપન સમારોહ માટે સમયરેખા સ્થાપિત કરશે અને આપણા પ્રિય મેટ્રોપોલિટન અથનેસિયસ યોહાન ૧ વારસાને સન્માનિત કરતી વખતેચર્ચના અન્ય એજન્ડા ઉપર ચર્ચા કરશે. અમે વિનંતી કરીએ છીએ કે અમારા બધા વિશ્વાસુ, એકતાપૂર્વક ઉત્સાહપૂર્વક અને આ મહત્વપૂર્ણ પ્રસંગ માટે સતત પ્રાર્થના કરે.

**BELIEVERS EASTERN CHURCH**
St. Thomas Nagar, Kuttapuzha P.O.,
Tiruvalla, Kerala, India - 689 103
Ph: (0469) 2630654, 2630771
Fax: (0469) 2630273
www.bec.org
email: info@bec.org

BELIEVERS EASTERN CHURCH

**ચાલો આપણે સાથે મળીને પ્રાર્થના કરીએ.**

જેમ જેમ અમે આ વિશાળ પરિવર્તનમાંથી પસાર થઈએ છીએ, અમે તમને અમારી સાથે પ્રાર્થનામાં જોડાવવા માટે આમંત્રિત કરીએ છીએ.

1. આગામી મેટ્રોપોલિટનની પસંદગી અન વચન: પવિત્ર આત્મા, જેમણે ભૂતકાળમાં પવિત્ર ચર્ચને માર્ગદર્શન આપ્યું, પવિત્ર સિનોડના સભ્યોને દૈવીય જ્ઞાન, શાણપણ, સમજદારી પ્રદાન કરે કે એક બિશપને પસંદ કરવા જે આપણા ચર્ચ માટે તેમના પ્રેમ અને દર્શન સાથે અગવાય કરે.

2. આપણા મિશનની સતત સફળતા: પરમેશ્વરની સતત કૃપા આપણા બધા પર બની રહે,જેમ કે આપણે શબ્દો અને કાર્યો બંનેમાં પરમેશ્વરના પ્રેમને વહેંચવાનો પ્રયત્ન કરીએ છીએ.

3. એકતા અને સ્થિરતા: જેમ આપણે પરમેશ્વર માટેના પ્રેમમાં આપણી વિવિધતાની ઉજવણી કરીએ છીએ, પ્રેમ, શાંતિ અને સંપૂર્ણ સહકારના બંધનમાં સાથે મળીને કામ કરે છે.આપણે ચર્ચમાં એકતા અને સ્થિરતા મેળવી શકીએ.

4. પરમેશ્વરની સેવા કરતા યુવાનો: - આપણા ચર્ચના યુવકો અને સ્ત્રીઓ, પરમેશ્વરના તેડાને જવાબ આપે, પવિત્ર ચર્ચની સેવા કરવા અને આપણા ડાયોસિસન સેમિનારી, સિસ્ટર્સ ઓફ ધ ક્રોસ (SOC) તાલીમ કેન્દ્રો, અને મુખ્ય સેમિનારી (SITS) ઓ માટે તાલીમ લેવાનું પસંદ કરે.

5. સિસ્ટર્સ ઓફ ક્રોસનું સમર્પણ વિધિ અને નિયુક્તિ: - સિસ્ટર્સ ઑફ ધ ક્રોસ (soc)ની આગામી સમર્પણ વિધિ અને નિયુક્તિ માટે પરમેશ્વર માર્ગદર્શન અને બુદ્ધિ આપે અને પરમેશ્વર જરૂરિયાતમંદોને માટે તેમના પ્રેમ અને સંદેશો પહોચાડવા માટે તેમની પ્રતિભા અને સમર્પણનો ઉપયોગ કરે.

6. પવિત્ર ધર્મસભાના સભ્યો: જેમ તેઓ પ્રાર્થનાપૂર્વક પવિત્ર ચર્ચને આગેવાની માટે જવાબદારીઓ લે છે અને પવિત્ર ચર્ચ માટે મહત્વપૂર્ણ નિર્ણયો લે છે.પરમેશ્વર તેમણે બુદ્ધિ,કૃપા, સારું સ્વાસ્થ્ય અને ભાવનાત્મક અને આધ્યાત્મિક શક્તિ પ્રદાન કરે.

ઈશ્વર પિતાનો પ્રેમ, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા, અને પવિત્ર આત્માની સહભાગિતા આપ સર્વની સાથે હમણાં અને સર્વદા બની રહે! +.

ખ્રિસ્તમાં,

+ડો. સેમ્યુઅલ મોર થિયોફિલસ એપિસ્કોપા
મેટ્રોપોલિટન લોકમ ટેનેન્સ

ST. THOMAS NAGAR, KUTTAPUZHA P.O.
BELIEVERS EASTERN CHURCH
THIRUVALLA-3, KERALA